મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૧૩-૦૫-૨૦૨૫ મંગળવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૨૯
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર ક્લિક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઇ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂ.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

# કાશ્મીરમાં કોઈની મધ્યસ્થીની જરૂર નહીં, ચર્ચા માત્ર પીઓકે મુદ્દે


(જી.એન.એસ)નવી દિલ્હી,

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પહલગામમાં આતંકી હુમલાના જવાબમાં ઓપરેશન સિંદુર પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી યુદ્ધની સ્થિતિમાં મધ્યસ્થી કરીને યુદ્ધ વિરામ કરાવ્યો હતો. આ સફળતાથી પ્રોત્સાહિત થઈને ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચે '૧૦૦૦ વર્ષ' જૂના કાશ્મીર વિવાદનો ઉકેલ લાવવા પણ મધ્યસ્થી કરવાની દરખાસ્ત કરી હતી. પરંતુ ભારતે ટ્રમ્પની દરખાસ્ત ફગાવીને અમેરિકન પ્રમુખને રોકડું પરખાવ્યું હતું કે, જમ્મુ-કાશ્મીર મુદ્દે ભારતને કોઈની મધ્યસ્થતાની જરૂર નથી. વધુમાં ભારત માત્ર પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) ક્યારે ખાલી કરાશે તે મુદ્દે જ ચર્ચા કરશે. જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલા પછી ઓપરેશન સિંદૂર હેઠળ ભારતીય સૈન્ય કાર્યવાહીથી ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાર દિવસથી યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ હતી. જોકે, શનિવારે અચાનક અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત કરી હતી. ટ્રમ્પની જાહેરાત પછી ભારત અને પાકિસ્તાને સત્તાવાર રીતે તાત્કાલિક અસરથી યુદ્ધવિરામ જાહેર કર્યો હતો. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને



પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામનો શ્રેય લેવાનો પ્રયત્ન કરતા રવિવારે ટ્વીટ કરી હતી. આ સફળતાથી પ્રોત્સાહિત થઈ ડોનાલ્ડ ટ્રમ્પે કાશ્મીર વિવાદનો ઉકેલ લાવવા માટે પણ દરખાસ્ત કરી હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલી યુદ્ધવિરામ સમજૂતી પર ટ્રમ્પે રવિવારે તેની પોસ્ટમાં કહ્યું કે, ભારત અને પાકિસ્તાન બંનેનું નેતૃત્વ ખૂબ જ મજબૂત છે. મને ભારત અને પાકિસ્તાનના મજબૂત અને અટૂટ નેતૃત્વ પર ગર્વ છે. તેમણે એ સમજવાની શક્તિ બતાવી કે વર્તમાન લડાઈ રોકવી જરૂરી હતી. તેનાથી લાખો લોકોના જીવ બચી શક્યા છે. તમારા બહાદુર કાર્યોથી તમારો વારસો વધુ મજબૂત થશે. અમેરિકાને આ ઐતિહાસિક નિર્ણયમાં મદદ કરવા બદલ ગર્વ છે. અમેરિકા બંને દેશો સાથે વેપારને આગળ વધારશે.ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, અમે ભારત અને પાકિસ્તાન સાથે મળીને કાશ્મીર મુદ્દાનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરીશું. કદાચ ૧,૦૦૦ વર્ષ પછી આ સમસ્યાનો કોઈ ઉકેલ નીકળી આવે. ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને પાકિસ્તાનના નેતૃત્વને અભિનંદન આપતા કહ્યું, ભગવાન ભારત અને પાકિસ્તાનના નેતૃત્વને આશીર્વાદ આપે. તેમણે ખૂબ જ સારું કામ કર્યું છે. ટ્રમ્પ અગાઉ પણ કાશ્મીર મુદ્દો '૧૫૦૦ વર્ષ' જૂનો હોવાનું ગણાવવાની ભૂલ કરી ચૂક્યા છે. ટ્રમ્પે આ પહેલાં પણ અનેક વખત કાશ્મીર મુદ્દે મધ્યસ્થીની ઓફર કરી હતી.ટ્રમ્પની આ ટ્વીટથી ભારતમાં રાજકીય હોબાળો મચી ગયો હતો. જોકે, ભારતીય વિદેશ મંત્રાલયે ટ્રમ્પની દરખાસ્ત ધરાર ફગાવી દીધી હતી. વિદેશ મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું કે, કાશ્મીર મુદ્દે ભારતનું વલણ એકદમ સ્પષ્ટ છે. તેમાં કોઈ ત્રીજા પક્ષની દખલ સ્વીકાર્ય નથી. એટલું જ નહીં ભારત પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) પાકિસ્તાન ખાલી ક્યારે કરે છેમાત્ર એ બાબત પર જ વાતચીત કરવા તૈયાર છે. આ સિવાય અન્ય કોઈ મુદ્દા પર વાતચીતની કોઈ શક્યતા જ નથી અને અમે ટ્રમ્પ જ નહીં કોઈની પણ મધ્યસ્થીની સ્વીકારતા નથી.

# ઓપરેશન સિંદૂરનો ઉદ્દેશ્ય ફક્ત આતંકવાદીઓને ખતમ કરવાનો છે: DGMO




(જી.એન.એસ) નવી દિલ્હી,

જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને PoKમાં આતંકવાદીઓના નવ ઠેકાણા પર સ્ટ્રાઈક કરી હતી. જે બાદ પાકિસ્તાને અનેક વખત ડ્રોન તથા મિસાઈલ વડે હુમલાનો નિષ્ફળ પ્રયાસ કર્યો, જેનો ભારતીય સેનાએ જડબાતોડ જવાબ પણ આપ્યો. એવામાં ૧૦મી મે, ૨૦૨૫ના રોજ બંને દેશોએ સાંજે ૫ વાગ્યાથી સંઘર્ષ વિરામ લાગુ કર્યું છે. એવામાં આજે(૧૧ મે) ભારતની ત્રણેય સેનાના DGMO, DGAO, DGNOએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરીને ઓપરેશન સિંદૂર અંગે વિસ્તૃત માહિતી આપી. આ પ્રેસ કોન્ફરન્સમાં ભારતીય સેનાના ડાયરેક્ટર જનરલ મિલિટરી ઓપરેશન્સ (DGMO) લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘઈ, ભારતીય વાયુસેનાના ડાયરેક્ટર જનરલ એર ઓપરેશન્સ (DG Air Ops) એર માર્શલ અવધેશ કુમાર ભારતી અને ભારતીય નૌકાદળના ડાયરેક્ટર જનરલ નેવલ ઓપરેશન્સ (DGNO) વાઈસ એડમિરલ એએન પ્રમોદનો સમાવેશ થાય છે.

સેનાના અધિકારીઓએ ફોટોગ્રાફસ સાથે વિગતવાર સમજાવ્યું કે સ્ટ્રાઈક પહેલા પરિસ્થિતિ કેવી હતી અને સેનાની કાર્યવાહી પછીનું દ્રશ્ય કેવું હતું. તેમણે કહ્યું કે ભારતના બદલાના ડરથી કેટલાક આતંકવાદી ઠેકાણા ખાલી કરાવવામાં આવ્યા હતા. ઓપરેશન સિંદૂર માટે, હુમલા માટે નવ આતંકવાદી છાવણીઓ કાળજીપૂર્વક પસંદ કરવામાં આવી હતી. ૧૦૦ થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા.

DGMO લેફ્ટિનેન્ટ જનરલ રાજીવ ઘઈએ કહ્યું કે, પાકિસ્તાને ગત દિવસોમાં ભારતીય સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવવાના પ્રયાસ કર્યા, પરંતુ આ પ્રયાસ સતત નિષ્ફળ રહ્યા. પાકિસ્તાને ડ્રોન અને મિસાઈલો દ્વારા અનેક સૈન્ય ઠેકાણાઓ પર હુમલા કરવાના પ્રયાસ કર્યા, પરંતુ ભારતીય એર ડિફેન્સ સિસ્ટમે તમામ ખતરાઓને નિષ્ફળ કરી દીધા. ઓપરેશન સિંદૂરનો ઉદ્દેશ્ય માત્ર આતંકવાદીઓનો ખાતમો કરવાનો હતો. અમે ૧૦૦ આતંકવાદીઓને ખતમ કર્યા. સાથે જ આતંકવાદી ઠેકાણાઓના પૂરાવા બતાવ્યા. સેનાએ આતંકવાદી હુમલાનો જવાબ આપ્યો. મુદસ્સર ખાર, હાફિઝ જમીલ અને યૂસુફ અઝહર જેવા ત્રણ મોટા આતંકવાદીઓને ઠાર કર્યા.

DGMOએ કહ્યું કે, અમારા હુમલામાં ૧૦૦થી વધુ આતંકવાદી ઠાર મરાયા, જેમાં યૂસુફ અઝહર, અબ્દુલ મલિક રઉફ અને મુદસ્સિર અહમદ જેવા હાઈ વેલ્યૂ ટાર્ગેટ સામેલ છે. આ આતંકવાદી IC ૮૧૪ હાઈઝેક અને પુલવામા જેવા હુમલાથી જોડાયેલા હતા, અમે બોર્ડર પાર આતંકવાદીઓના કેમ્પોની ઊંડાણપૂર્વક ઓળખ કરી. જેમાં કેટલાક ઠેકાણા પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) અને કેટલાક પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં હતા. જે મુરીદકે, જો કસાબ અને ડેવિડ હેડલી જેવા આતંકવાદીઓથી જોડાયેલા રહ્યા છે. ર્ઝ્ઝ પર પાકિસ્તાને સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું અને તેના તરફથી નાગરિક વિસ્તારો જેવા કે ગુરૂદ્વારાને પણ નિશાન બનાવવામાં આવ્યા.

# વિસનગર સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા "આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ" ની ઉજવણી



વિસનગર: સાંકળચંદ યુનિવર્સિટીના નૂતન કૉલેજ ઑફ નર્સિંગ દ્વારા બી.એસી. નર્સિંગના પાંચમાં સેમિસ્ટરના વિદ્યાર્થીઓએ આંતરરાષ્ટ્રીય નર્સ દિવસના નિમિત્તે નૂતન કૉલેજ ઑફ નર્સિંગ વિસનગર ખાતે રંગોળી સ્પર્ધા, વકતવ્ય સ્પર્ધા અને નિબંધ લેખન તારીખ ૧૨ મે ૨૦૨૫, સવારે ૧૦ વાગ્યેના રોજ ઉજવણી કરી હતી. "નર્સોની સંભાળ રાખવાથી અર્થતંત્ર મજબૂત બને છે" દિવસની થીમ છે.

આ કાર્યક્રમ બાળરોગ વિભાગ, નૂતન કૉલેજ ઑફ નર્સિંગ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ બધા માટે ખુબ જ અસરકારક રહ્યો હતો. આ કાર્યક્રમમાં અતિથિ વિષેશ નૂતન કૉલેજ ઑફ નર્સિંગ અને અન્ય સ્ટાફ તેમજ નૂતન કૉલેજ ઑફ નર્સિંગના પ્રિન્સિપાલ ડૉ. શિવાસુબ્રમણ્યમએ શુભેચ્છા પાઠવી હતી જે બદલ સાંકળચંદ યુનિવર્સિટીના પ્રમુખ પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડૉ. પી. એમ. ઉદાણી, નૂતન કૉલેજ ઑફ નર્સિંગના પ્રિન્સિપાલ ડૉ. શિવાસુબ્રમણ્યમ, વાઈસ પ્રિન્સિપાલ ડૉ. મહાલક્ષ્મી તેમજ તમામ ફેકલટીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

# સદભાવના વૃદ્ધાશ્રમ મેડિકલ સ્ટોર એટલે દર્દીનારાયણની સેવાનું સાચું સરનામું!

સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર, (નાના મવા ચોક, આર.કે.પ્રાઈમ, સિલ્વર હાઈટસ પાસે, રાજકોટ) ખાતે ચાલી રહેલ, સદભાવના વૃદ્ધાશ્રમના મેડિકલ સ્ટોરમાં અત્યારે રોજનું ૧૦ લાખ રૂપિયાની દવાઓનું વેંચાણ થઈ રહ્યું છે અને માત્ર દસ મહિનાના ટૂંકા ગાળામાં સમગ્ર પણે કરોડો રૂપિયાની રાહત દર્દીઓને અપાઈ ચુકી છે, ૨૦% થી લઈ ૬૫% સુધી ડિસ્કાઉન્ટ અપાય છે, એટલે કે સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર દર્દીનારાયણ, દરિદ્ર નારાયણની સેવા માટે ભગીરથ કાર્ય કરવામાં નિમિત બન્યું છે. ૩૫ લોકોનો સ્ટાફ કાર્યરત છે, દર મહિને ૩૦ હજાર જેટલા દર્દીઓ લાભ લ્યે છે. અત્યાર સુધીમાં ૧૮ કરોડથી વધુ રકમની દવાઓનું વેંચાણ કરવામાં આવ્યું છે. ૫ કરોડનું ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું છે.




૧૦ મહિનામાં દવા અને સર્જીકલ સાધનો પર અપાયું કરોડો રૂપિયાનું ડિસ્કાઉન્ટ. ૨૦% થી લઈ ૬૫% સુધી અપાય છે ડિસ્કાઉન્ટ.

સદભાવના વૃદ્ધાશ્રમ મેડિકલ સ્ટોરના સંચાલકોને થોડા મહિનાઓ પહેલા એવો વિચાર આવ્યો કે લોકોનો સૌથી વધુ ખર્ચ બાળકોના શિક્ષણ અને પરિવારના સ્વાસ્થ્ય પાછળ વપરાતો હોય છે. ડોક્ટર જે પ્રિસ્ક્રિપ્શન લખી આપે તે દર્દીના પરિવારે લેવી અનિવાર્ય બની જાતી હોય છે પણ એ ખર્ચ બહુ મોટો હોય છે.

આથી સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર દ્વારા પડતર કિમતે દવા અને સર્જીકલ સાધનોનું વેચાણ કરતો એક સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર શરૂ કરવો એવો નિર્ધાર કર્યો અને ૧૦ મહિના પૂર્વે નાના મવા સર્કલ પાસે સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર શરૂ કર્યો.દવાની વધતી જતી માંગ અને દર્દીનારાયણને વધુને વધુ આ સેવાનો લાભ મળે તે હેતુથી સદભાવના વૃધ્ધાશ્રમ મેડીકલ સ્ટોરના સંચાલકો દ્વારા જરૂરીયાતમંદ દર્દીનારાયણ—દરીદ્રનારાયણની સેવામાં વધુ એક મેડીકલ સ્ટોર રાજકોટના રૈયા રોડ ખાતે શરૂ કરાયો છે.

સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોરનાં નિમિત સંચાલકોએ વધુમાં જણાવ્યું છે કે, દસ મહિનાના ગાળામાં મેડિકલ સ્ટોર તરફથી સમગ્રપણે કરોડો રૂપિયાનું ડિસ્કાઉન્ટ દર્દીનારાયણોને આપવામાં આવ્યું છે. અહિયાં ૨૦%થી લઈ ૬૫%સુધીનું ડિસ્કાઉન્ટ દવા, ઈન્જેકશન અને સર્જીકલ સાધનો પર આપવામાં આવે છે.

ડોક્ટર જે દવા લખી આપે છે એ જ સ્ટાન્ડર્ડ દવા સદભાવના વૃદ્ધાશ્રમ મેડિકલ સ્ટોરમાંથી આપવામાં આવે છે.વધુ વિગતો માટે સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર, નાના મવા ચોક, આર.કે.પ્રાઈમ, સિલ્વર હાઈટસ પાસે, રાજકોટ,મો. ૬૩૫૧૦૧૨૧૮૨ નો સંપર્ક કરવા સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોરનાં માનદ સંચાલક ભુપતભાઈ રાદડિયાની યાદીમાં જણાવાયું છે.

# રાજનાથ સિંહે બ્રહ્મોસ ઇન્ટિગ્રેશન અને ટેસ્ટિંગ ફેસિલિટી સેન્ટરનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું

(જી.એન.એસ) લખનૌ,

"ઓપરેશન સિંદૂર માત્ર લશ્કરી કાર્યવાહી નહોતી, પરંતુ ભારતની રાજકીય, સામાજિક અને વ્યૂહાત્મક ઇચ્છાશક્તિનું પ્રતીક હતું," સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથ સિંહે ૧૧ મે, ૨૦૨૫ના રોજ ઉત્તર પ્રદેશના લખનઉમાં બ્રહ્મોસ ઈન્ટિગ્રેશન એન્ડ ટેસ્ટ ફેસિલિટી સેન્ટરના ઉદ્ઘાટન પ્રસંગે તેમના વર્ચ્યુઅલ સંબોધન દરમિયાન જણાવ્યું હતું. તેમણે આ ઓપરેશનને આતંકવાદ સામે ભારતની દ્રઢ ઈચ્છાશક્તિ અને સશસ્ત્ર દળોની ક્ષમતા અને નિશ્ચયનું પ્રદર્શન ગણાવ્યું જેણે ભારતીય ભૂમિ પર ભારત વિરોધી અને આતંકવાદી સંગઠનોના હાથે પોતાના પ્રિયજનો ગુમાવનારા નિર્દોષ પરિવારોને ન્યાય સુનિશ્ચિત કર્યો. સંરક્ષણ મંત્રીએ ઓપરેશન સિંદૂરને એ વાતનો પુરાવો ગણાવ્યો કે જ્યારે પણ ભારત આતંકવાદ સામે કાર્યવાહી કરે છે, ત્યારે સરહદ પારની જમીન પણ આતંકવાદીઓ અને તેમના આકાઓ માટે સુરક્ષિત નથી. તેમણે કહ્યું, "ઉરી ઘટના પછી સર્જિકલ સ્ટ્રાઈક, પુલવામા હુમલા પછી હવાઈ હુમલો




અને હવે પહેલગામ હુમલા પછી અનેક હુમલાઓ દ્વારા દુનિયાએ જોયું છે કે જો ભારત તેની ધરતી પર આતંકવાદી હુમલો કરે તો શું કરી શકે છે. આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિને અનુસરીને, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ કર્યું છે કે આ નવું ભારત સરહદની બંને બાજુ આતંકવાદ સામે અસરકારક કાર્યવાહી કરશે."

શ્રી રાજનાથ સિંહે કહ્યું કે આ ઓપરેશન પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી માળખાને નષ્ટ કરવા માટે શરૂ કરવામાં આવ્યું હતું અને નિર્દોષ નાગરિકોને નિશાન બનાવવામાં આવ્યા ન હતા. જોકે, પાકિસ્તાને ભારતમાં નાગરિક વિસ્તારોને નિશાન બનાવ્યા અને મંદિરો, ગુરુદ્વારા અને ચર્ચો પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો. તેમણે કહ્યું, "આપણા સશસ્ત્ર દળોએ બહાદુરી અને સંયમ દર્શાવ્યો અને અનેક પાકિસ્તાની લશ્કરી સ્થાપનો પર હુમલો કરીને યોગ્ય જવાબ આપ્યો. અમે માત્ર સરહદ નજીક લશ્કરી સ્થાપનો પર કાર્યવાહી કરી નહીં, પરંતુ આપણા સશસ્ત્ર દળોનો ગુસ્સો રાવલપિંડી સુધી પણ પહોંચ્યો, જ્યાં પાકિસ્તાની લશ્કરી મુખ્યાલય આવેલું છે." બ્રહ્મોસ ઈન્ટિગ્રેશન અને ટેસ્ટ ફેસિલિટી સેન્ટર વિશે વાત કરતાં સંરક્ષણ મંત્રીએ કહ્યું કે તે સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા તરફના ભારતના પ્રયાસોને મજબૂત બનાવશે અને નોંધપાત્ર પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન કરીને પ્રદેશના સામાજિક-આર્થિક વિકાસમાં ફાળો આપશે. તેમણે રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસના ઉદ્ઘાટનને એક ઐતિહાસિક ક્ષણ ગણાવી, જે ભારતની વધતી જતી નવીન ઊર્જાને પ્રતિબિંબિત કરે છે અને મહત્વપૂર્ણ, ઉચ્ચ-સ્તરીય અને અગ્રિમ ટેકનોલોજીમાં ઝડપી વૈશ્વિક પરિવર્તન સાથે સુસંગત છે.શ્રી રાજનાથ સિંહે બ્રહ્મોસને માત્ર વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રુઝ મિસાઈલોમાંની એક ગણાવી નહીં, પરંતુ તે ભારતીય સશસ્ત્ર દળોની તાકાત, દુશ્મનો સામે પ્રતિકારનો સંદેશ અને તેની સરહદોની સુરક્ષા માટે રાષ્ટ્રની અતૂટ પ્રતિબદ્ધતાનો સંદેશ પણ છે.




## યુદ્ધ અધૂરું ન રહે .


યુદ્ધવિરામનો ભંગ કરવો એ પાકિસ્તાનની પ્રાચીન ટેવ છે અને એ દુનિયા આખી જાણે છે. પોતાના પગ પર કુહાડો મારવામાં પાકિસ્તાન સૌથી વધુ નિષ્ણાત છે. પરિસ્થિતિ હજુ ઘણી પ્રવાહી છે. પાકિસ્તાનની આયુષ્ય રેખા ભારતની સંયમશીલતા પર નિર્ભર છે. એક પછી એકદુષ્ટતા અને મૂર્ખતાથી પાકિસ્તાનનો ઈતિહાસ છલોછલ છે. ઉત્તમ માનવતત્ત્વની કટોકટી એક દેશને કેવા ઊંડા ખાડામાં ઉતારે છે તેનું સાક્ષાત દ્રષ્ટાન્ત પાકિસ્તાન છે. પાકિસ્તાનમાં આતંકવાદી માળખા પર ભારતના હુમલાઓ અંગે આંતરરાષ્ટ્રીય પ્રતિક્રિયા ચિંતાજનક રહી છે, પરંતુ તેનો સ્વર હળવો અને આરોપ વગરનો રહ્યો છે. આ સૂચવે છે કે વિશ્વના મોટાભાગના દેશોની રાજધાનીઓ પહેલગામ હુમલાના જવાબમાં ભારત પાસેથી આવી જ કાર્યવાહીની અપેક્ષા રાખી રહી હતી અને ધારી પણ રહી હતી. સંયમ અને સંવાદ અને રાજદ્વારી પદ્ધતિ દ્વારા ઉકેલ લાવવાની હાકલ કરવામાં આવી છે, પરંતુ કોઈપણ દેશે હુમલાઓને ટાળવા માટે ભારત પર દબાણ લાવવા કોઈ કોશિશ કરી નથી તે અન્ય દેશોની એક પ્રકારની સંમતિ અને ભારતનું સમર્થન છે. ૨૨ એપ્રિલે પહેલગામ આતંકવાદી હુમલાથી શરૂ થયેલા સંકટ દરમિયાન નવી દિલ્હીએ વિદેશી રાજદૂતોને જે રીતે બ્રિફ કર્યા અને વડા પ્રધાન, વિવિધ મંત્રીઓ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર દ્વારા વિશ્વભરના તેમના સમકક્ષોને કરેલા કોલ પરથી આનો અંદાજ લગાવી શકાય છે. ભારતે જગતને એક પરિપક્વ મેસેજ મોકલ્યો છે કે ભારત એવા આતંકવાદીઓને નિશાન બનાવી રહ્યું છે જેમના પર તે પાકિસ્તાન પાસેથી આવી કાર્યવાહીની અપેક્ષા રાખતો હતો, ખાસ કરીને પહેલગામ હુમલાના બર્બર ઘટનાક્રમ પછી. ભારતે વિશ્વ સમુદાયને ખાતરી આપી છે કે કોઈપણ નાગરિક, આર્થિક કે લશ્કરી સ્થળ પર હુમલો કરવામાં આવશે નહીં.

ઉપયોગમાં લેવાયેલા પ્રતીકવાદને પણ અવગણી શકાય નહીં - કાર્યવાહીના સાક્ષી બે અલગ અલગ ધર્મોની મહિલા અધિકારીઓ હતા, જે એક પ્રગતિશીલ, બહુલવાદી અને દ્રઢ રાષ્ટ્રની છબી રજૂ કરે છે. યુદ્ધ વિરામના ભંગથી સ્પષ્ટ થાય છે કે તણાવ વધતો જ રહેશે. યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ્સ, રશિયા અને સંયુક્ત રાષ્ટ્ર (યુએન) એ તણાવ ઓછો કરવાનો પ્રયાસ કરવા માટે નવી દિલ્હી અને ઈસ્લામાબાદનો સંપર્ક કર્યો છે, અને સાઉદી અરેબિયા અને ઈરાનના વિદેશ પ્રધાનોની ભારત મુલાકાત પણ આમાંની કેટલીક ચિંતાઓ તરફ નિર્દેશ કરે છે. પાકિસ્તાનના મિત્રો ઓછા હોવા છતાં, તેના ચીન, તુર્કી અને મલેશિયા જેવા સાથી દેશો છે. જેઓ ગીધને જેમ મરણોન્મુખ પશુઓ પ્રિય હોય છે એમ પાકિસ્તાન પ્રિય છે. આ વાત ખુદ પાકિસ્તાન સમજે એમ નથી. કારણ કે પાકિસ્તાનના સુકાનીઓ પાસે આર્થિક કટોકટીની જેમ બૌદ્ધિક કટોકટી પણ છે.

ઈ. સ. ૨૦૧૯ માં, પુલવામા આતંકવાદી હુમલા બાદ, ભારતે ઉત્તર પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વાના બાલાકોટમાં સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી. આ વખતે ભારતનો પ્રતિભાવ વધુ તીક્ષ્ણ અને વધુ દ્રઢ રહ્યો છે. મુરીદકે અને બહાવલપુર પંજાબમાં છે, જે પાકિસ્તાનના શાસક વર્ગનું કેન્દ્ર છે. આ વર્ગ આતંકવાદ પર બેવડી રમત રમી રહ્યો છે. દાયકાઓથી, પાકિસ્તાન પરમાણુ બ્લેકમેલની છત્રછાયા હેઠળ, ભારત સામે યુદ્ધના સસ્તા હથિયાર તરીકે આતંકવાદનો ઉપયોગ કરે છે. ભારત આનો યોગ્ય જવાબ શોધવાનો પ્રયાસ કરી રહ્યું છે. પહેલા બાલાકોટ અને હવે ઓપરેશન સિંદૂર, એ સ્પષ્ટ છે કે આર્થિક અને રાજદ્વારી પગલાં ઉપરાંત, ભારત તેની સામે આતંકવાદી હુમલાની સ્થિતિમાં ખુલ્લો લશ્કરી જવાબ પણ આપી શકે છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# જીનીવામાં ટ્રેડિશનલ મેડિસિનના મિત્રોના જૂથ (GFTM)ની છઠ્ઠી બેઠક યોજાઈ



(જી.એન.એસ) જીનીવા, ટ્રેડિશનલ મેડિસિન મિત્રોના જૂથ (GFTM)ની જીનીવામાં ભારતના કાયમી મિશન (PMI) ખાતે સફળતાપૂર્વક યોજાઈ હતી. આ બેઠકમાં વિવિધ દેશોના રાજદૂતોના પ્રતિનિધિઓ એકત્ર થયા હતા અને વૈશ્વિક આરોગ્યસંભાળ પ્રણાલીઓમાં પરંપરાગત દવાની ભૂમિકાને મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ હતા. ગુજરાત ઘોષણાપત્ર અને ભૂતકાળની બેઠકોની સફળતાના આધારે, આ મેળાવડો મુખ્ય વૈશ્વિક પહેલોને સમર્થન આપે છે - ખાસ કરીને WHO પરંપરાગત દવા વ્યૂહરચના ૨૦૨૫-૨૦૩૪ અને આગામી બીજા WHO વૈશ્વિક પરંપરાગત દવા સમિટ, જે ૨-૪ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન ભારતમાં યોજાશે.આયુષ મંત્રાલયના સચિવ , વૈદ્ય રાજેશ કોટેચાએ વર્ચ્યુઅલી મુખ્ય સંબોધન આપ્યું હતું. જેમાં સમગ્ર વિશ્વમાં પુરાવા-આધારિત પરંપરાગત દવાને પ્રોત્સાહન આપવામાં ભારતના નેતૃત્વ અને પ્રતિબદ્ધતા પર ભાર મૂકવામાં આવ્યો હતો.આયુષ મંત્રાલયના સચિવે પોતાના ભાષણમાં સાર્વત્રિક આરોગ્ય કવરેજ પ્રાપ્ત કરવા અને એક આરોગ્ય અને ટકાઉ વિકાસના લક્ષ્યોને આગળ વધારવામાં પરંપરાગત દવાની વધતી જતી સુસંગતતા પર ભાર મૂક્યો હતો.

આયુષ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય આયુષ મિશન, આયુષના સંકલિત મોડેલ, આરોગ્ય મંદિરો, પરંપરાગત દવા માટે વીમા કવરેજ, અને DBT, DST, ICMR અને CSIR જેવી અગ્રણી સંસ્થાઓ સાથે સહયોગી સંશોધન જેવી પહેલો સાથે ભારતની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી હતી.આ સંબોધનમાં પરંપરાગત દવામાં જીનોમિક્સ અને બાયોઈન્ફોર્મેટિક્સ જેવા ઉભરતા ક્ષેત્રો પર ભારતના ધ્યાન પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો - જે પરંપરાગત દવામાં છૈં એપ્લિકેશન્સ પરની વૈશ્વિક તકનીકી બેઠકમાં પ્રતિબિંબિત થયું હતું, જેમાં પરંપરાગત જ્ઞાનના રક્ષણ, ક્ષમતા વધારવા અને સમાન વૈશ્વિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવામાં દેશની ભૂમિકા પર ભાર મૂકવામાં આવ્યો હતો."મે ૨૦૨૩માં ભારત દ્વારા ટ્રેડિશનલ મેડિસિન મિત્રોના જૂથ (GFTM) ની રચના કરવામાં આવી હતી. આ અનૌપચારિક પ્લેટફોર્મ WHO સભ્ય દેશોને આરોગ્ય પ્રણાલીઓમાં પરંપરાગત દવાના એકીકરણ પર ચર્ચા કરવા અને સમર્થન આપવાની મંજૂરી આપે છે," તેમણે વધુ સહયોગ, જ્ઞાન આદાનપ્રદાન અને સંશોધન ભાગીદારી માટે હાકલ કરતા કહ્યું હતું.આ બેઠકનું આયોજન કરનાર જીનીવામાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી મિશન દ્વારા WHO ' માર્ગદર્શિકા અને રાષ્ટ્રીય નીતિઓ અનુસાર પરંપરાગત અને સંકલિત આરોગ્યસંભાળ ઉકેલો પર આંતરરાષ્ટ્રીય સહયોગને આગળ વધારવાની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરવામાં આવી હતી.આયુષ મંત્રાલયના નેતૃત્વ સાથે, ભારત ફક્ત તેના પરંપરાગત સુખાકારી વારસાને જ સાચવી રહ્યું નથી, પરંતુ વૈશ્વિક સ્વાસ્થ્યના ભવિષ્યને પણ ફરીથી આકાર આપી રહ્યું છે - જે સમાવિષ્ટ, નિવારક અને પ્રકૃતિના જ્ઞાનમાં ઊંડા મૂળ ધરાવે છે.નોંધનીય છે કે ટ્રેડિશનલ મેડિસિનના મિત્રોનું જૂથ ૨૩ મે ૨૦૨૫ના રોજ ૭૮મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલી (WHA78) દરમિયાન જીનીવામાં આવેલા યુએન પેલેસ ડેસ નેશન્સ ખાતે સાંજે ૬:૦૦ થી ૭:૩૦ વાગ્યા સુધી એક ઉચ્ચ-સ્તરીય સાઈડ ઈવેન્ટનું આયોજન કરશે. "ટ્રેડિશનલ મેડિસીનઃ ફ્રોમ ટ્રેડિશનલ હેરિટેડ ટુ ફ્રન્ટિયર સાયન્સ, ફોર હેલ્થ ફોર ઓલ" શીર્ષક ધરાવતો આ કાર્યક્રમ સાર્વત્રિક આરોગ્ય પ્રણાલીઓ અને ટકાઉ વિકાસ માળખામાં પરંપરાગત, પૂરક અને સંકલિત દવા (TCIM) ને એકીકૃત કરવા માટે વધતી જતી વૈશ્વિક ગતિને પ્રકાશિત કરશે.

## ગ્રહોનો રાઝ આપની આજ




મેષઃઆજનો દિવસ ખુશીથી ભરપૂર રહેશે. ઓફિસમાં તમારા સાથીઓ થોડા હળવા મૂડમાં રહેશે અને કામ કરવાની ઇચ્છા પણ દર્શાવશે. તમને સર્જનાત્મક કાર્ય કરવાની તક પણ મળશે

વૃષભઃ આજે કાર્યક્ષેત્રમાં તમારો પ્રભાવ અને મહત્વ વધી શકે છે. આજે તમે કોઈ સામાજિક સંગઠનમાં ઉચ્ચ પદ પર જઈ શકો છો, જે તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે. ધંધામાં આકસ્મિક લાભ થવાની સંભાવના છે.

મિથુનઃ આજે નોકરી કરનારા લોકો અથવા ધંધાકીય લોકોને સરકાર દ્વારા કોઈ સન્માન અથવા ઈનામ મળી શકે છે. આજે તમારા દ્વારા કરવામાં આવેલ કાર્યોની સમાજમાં પ્રશંસા થશે

કર્કઃ ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જેનાથી તમે મુશ્કેલી અનુભવો છો. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો, પરંતુ સાથીદારોનો ટેકો મુશ્કેલ બનશે. આકસ્મિક રીતે લાભની ડીલ મેળવીને પૈસાની આવક થશે.

સિંહઃ આજે તમે તમારા પરિવારના સભ્યો સાથે ચર્ચા કરી શકો છો. તમારે ધીરજ રાખવી જોઈએ. આજે દુશ્મન તમારા પર હાવી થઈ શકે છે. આ માટે તમારે સાવધાન રહેવાની જરૂર છે.

કન્યાઃ આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ મળશે. સમાજ સુધારણા માટે કેટલાક કામ કરશો અને લોકોને મદદ કરવાથી માનસિક શાંતિ પણ પ્રાપ્ત થશે.

તુલાઃ આજે સવારથી તમારો મૂડ સારો રહેશે. તમે ધંધામાં મોટા ફાયદા માટે દિવસભર દોડશો. પરિવારના વરિષ્ઠ સભ્યો સાથે ભાવિ યોજનાઓની ચર્ચા કરશો. જીવનસાથી સાથે સારો સમય પસાર કરો.

વૃશ્ચિકઃ આજે તમને ધંધા અને ક્ષેત્રમાં સફળતા મળવાની સંભાવના છે. આજે તમારા મહત્વપૂર્ણ કાર્ય પૂરા થઈ શકે છે. રાજકીય ક્ષેત્રે આજે તમને ઉચ્ચ પદ મળી શકે છે. આજે તમને લાંબા સમયથી અટકેલા પૈસા મળી છે.

ધનઃ આજે તમારો દિવસ વ્યાવસાયિક કાર્યોથી ઘેરાયેલો રહેશે. વ્યવસાય અથવા કાર્યસ્થળમાં ઘણા પ્રકારના વિવાદો રહેશે. જેને તમારે સમજદારીપૂર્વક ઉકેલવી જોઈએ.

મકરઃ આજે તમે આત્મવિશ્વાસથી ભરેલા રહેશો, જેથી તમે તમારા હરીફો પર પ્રભુત્વ મેળવશો. આજે ધંધા અને ક્ષેત્રમાં જંગી લાભ અને પ્રગતિના કારણે તમારો આત્મવિશ્વાસ વધશે. સંતાન તરફથી કોઈ શુભ માહિતી મળી શકે છે.

કુંભઃ વ્યવસાય અથવા નોકરી કરતા લોકોએ કોઈ એવું કાર્ય ના કરવું જોઈએ જે બીજા માટે જોખમી હોય. સંકટમાંથી બહાર આવવા માટે તમારે ધૈર્યથી કામ કરવું જ જોઇએ. દૈનિક વેપારમાં સખત મહેનત પછી લાભની અપેક્ષા છે.

મીનઃ લાંબા સમયથી ચાલતી શંકાસ્પદ સમસ્યાઓનો અંત આવશે. જે તમને માનસિક તણાવથી મુક્તિ આપશે. લાંબા સમયથી કામકાજમાં જે અવરોધ સર્જાયો હતો તેનો અંત આવશે.

# ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં ક્રોસ બોર્ડર ફાયરિંગમાં બીએસએફના સબ ઈન્સપેક્ટર શહીદ


(જી.એન.એસ) જમ્મુ, છેલ્લા ઘણા દિવસથી ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષના સમયે એક દુઃખદ સમાચાર આવ્યા છે, ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં ક્રોસ બોર્ડર ફાયરિંગમાં બીએસએફના એક જવાન શહીદ થયા છે. જમ્મુના આરએસ પુરા વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં ગઈકાલે ૧૦ મેના રોજ બીએસએફ સબ ઈન્સ્પેક્ટર મોહમ્મદ ઈમ્તિયાઝ શહીદ થયા છે. આજે ૧૧ મેના રોજ તેમને જમ્મુના પલૌરા ખાતે ફ્રન્ટિયર હેડક્વાર્ટર પર પુષ્પાંજલિ સાથે રાષ્ટ્રીય



સન્માન આપવામાં આવશે. બીએસએફ જમ્મુએ આ અંગે માહિતી આપતાં ટ્વિટ કર્યું હતું કે, શહીદ મોહમ્મદ ઈમ્તિયાઝના આ સર્વોચ્ચ બલિદાનનું અમે સન્માન કરીએ છીએ. અમે તેમના પરિવારના આ મુશ્કેલ સમયમાં તેમની સાથે જ છીએ.

રવિવારે ૧૧ મેના રોજ ફ્રન્ટિયર હેડક્વાર્ટર જમ્મુ, પલૌરા ખાતે સંપૂર્ણ સન્માન સાથે પુષ્પાંજલિ અર્પણ સમારોહ યોજાયો હતો.પહલગામ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી તંગદિલી બાદ સંઘર્ષ વધ્યું હતું. બંને દેશો વચ્ચે ગોળીબાર અને લશ્કરી કાર્યવાહી રોકવા ગઈકાલે યુદ્ધવિરામના કરાર થયા હતા. શનિવારે સાંજે લગભગ પાંચ વાગ્યે બંને દેશોના ડીજીએમઓ દ્વારા યુદ્ધવિરામ પર સહમતિ દર્શાવી હતી. જો કે, થોડા જ કલાકો બાદ પાકિસ્તાને આ યુદ્ધવિરામનો ભંગ કરતાં ક્રોસ બોર્ડરમાં ડ્રોન ઉડાડ્યા હતા. રાજસ્થાન અને જમ્મુની સરહદ પર ગોળીબાર પણ કર્યો હતો.

# ઉત્તર પ્રદેશ પોલીસ વિભાગમાં મોટા ફેરફાર, યોગી સરકારે ૧૧ આઇપીએસ ની કરી બદલીઓ




(જી.એન.એસ) લખનૌ, ઉત્તર પ્રદેશમાં પોલીસ વિભાગમાં રાજ્ય સરકારના આદેશ બાદ મોટો ફેરફાર કરવામાં આવ્યા હતા જેમાં યોગી સરકારે ૧૧ ૈંઁજી અધિકારીઓની બદલી કરી છે. પ્રયાગરાજ પોલીસ કમિશનર તરુણ ગાબાને લખનૌના પોલીસ મહાનિરીક્ષક બનાવવામાં આવ્યા છે. તે જ સમયે, આશુતોષ કુમારને કાનપુરના વધારાના પોલીસ કમિશનર બનાવવામાં આવ્યા છે. વહીવટી વ્યવસ્થામાં સુધારો કરવા માટે, સરકાર છેલ્લા ઘણા મહિનાઓથી સતત મોટા પાયે ફેરબદલ કરી રહી છે.ઉત્તર પ્રદેશ પોલીસમાં મોટા પાયે ફેરબદલ કરવામાં આવ્યા છે. રવિવારે સરકારે ૧૧ આઈપીએસ અધિકારીઓની બદલી કરી હતી, જેમાં અનેક વરિષ્ઠ હોદ્દાઓ પર તૈનાત અધિકારીઓના નામનો સમાવેશ થાય છે. આ ટ્રાન્સફરનો નિર્ણય ઉત્તર પ્રદેશના અધિક પોલીસ મહાનિર્દેશક (કાયદો અને વ્યવસ્થા) અમિતાભ યશે લીધો છે. આ આદેશ ૧૧ મે, ૨૦૨૫ ના રોજ જારી કરવામાં આવ્યો છે. રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારવાના ઉદ્દેશ્યથી, સરકાર સમયાંતરે પોલીસ અધિકારીઓની બદલી કરતી રહે છે.૧૧ ટ્રાન્સફર કરાયેલા ૈંઁજી અધિકારીઓની યાદીમાં પ્રયાગરાજ પોલીસ કમિશનર તરુણ ગાબાનું નામ પણ શામેલ છે.

# રાજ્યભરમાં આગામી ૨ દિવસ કમોસમી વરસાદની આગાહી



(જી.એન.એસ) અમદાવાદ

હવામાન વિભાગ ની જાણકારી અનુસાર આગામી ૨ દિવસ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં અમદાવાદના વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. ત્યારે વાદળછાયું વાતાવરણ હોવાના કારણે વિઝિબિલિટી ઘટી છે. ગુજરાતમાં ૫૦થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ગતિએ પવન ફૂંકાવવા ઉપરાંત ગાજવીજ સાથે વરસાદની આગાહી માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.

મેના રોજ રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, જૂનાગઢ, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, ખેડા, પંચમહાલ, દાહોદ, વડોદરા, આણંદ, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ કમોસમી વરસાદની આગાહી છે. સૌરાષ્ટ્રના ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર અને ભરૂચ, નર્મદા, છોટા ઉદેપુર, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી છે. રાજયમાં કમોસમી વરસાદ ની અસર સૌથી વધારે ખેડૂતો પર પડી રહી છે જેમાં કમોસમી વરસાદ પડતા ખેડૂતો ચિંતામાં છે. ઠેર ઠેર કમોસમી વરસાદથી પાણી ભરાયા છે.

# કોંગ્રેસએ પીએમ મોદીને પત્ર લખી સંસદનું સત્ર તાત્કાલિક બોલાવવા કરી માંગ





(જી.એન.એસ) નવી દિલ્હી,

છેલ્લા ઘણા દિવસોથી ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવની સ્થિતિ છે. એવામાં કોંગ્રેસ પાર્ટીએ પહલગામ આતંકવાદી હુમલાને લઈને 'ઓપરેશન સિંદૂર' અને સંઘર્ષવિરામની જાહેરાત ટ્રમ્પ દ્વારા કરાયાની સ્થિતિ પર સર્વપક્ષીય બેઠક બોલાવવાની માંગ કરી છે.

આ ક્રમમાં લોકસભાના વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી અને બાદમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો છે. બંને નેતાઓએ વડાપ્રધાન મોદીને જલ્દીમાં જલ્દી સર્વપક્ષીય બેઠક બોલાવવા અને આ સંબંધે જાણકારી આપવાની માંગ કરી છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ પણ વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો છે. જેમાં તેમણે લખ્યું કે, 'તમને યાદ હશે કે, મેં રાજયસભાના વિપક્ષ નેતાના રૂપે અને લોકભાસભાના વિપક્ષી નેતાએ ૨૮ એપ્રિલ ૨૦૨૫ના રોજ અમારા પત્રો દ્વારા પહલગામમાં થયેલા અમાનવીય આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને સંસદના બંને ગૃહોનું વિશેષ સત્ર બોલાવવા વિનંતી કરી હતી.

# તુર્કિયે અને અઝરબૈજાનના મોટા પ્રમાણમાં ટુરિસ્ટ પેકેજો રદ, બુકીંગ પણ બંધ



(જી.એન.એસ) અંકારા, જમ્મુ-કાશ્મીરના પહલગામમાં નિર્દોષ લોકો પર થયેલા આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવભર્યા સંબંધોમાં ગતરોજ સત્તાવાર રીતે યુદ્ધ વિરામની જાહેરાત કરવામાં આી છે.

જો કે, આ વચ્ચે ભારતના દુશ્મન દેશ સાથે તુર્કિયે અને અઝરબૈજાન મદદમાં ઉભુ હોવાની હકીકતો સામે આવતા ભારતીયો ભારે આક્રોશિત થયા છે. અને તુર્કિયે અને અઝરબૈજાનના ટુરિસ્ટ પેકેજ ધડાધડ રદ કરવામાં આવી રહ્યા છે. એટલું જ નહિં ઓનલાઈન ટુર પેકેજ બુકીંગની સુવિધાઓ આપતી કંપની દ્વારા પણ તુર્કિયે અને અઝરબૈજાનના પેકેજના બુકીંગ બંધ કર્યા છે. ભારતની કંપની તથા ભારતીયો દ્વારા લેવાયેલા નિર્ણયની આગામી સમયમાં બંને પર ભારે અસર વર્તાય તો નવાઈ નહીં.ઈઝમાયટ્રીપના સ્થાપક નિશાંત રેડ્ડીનું કહેવું છે કે, આ અનિશ્ચિતતા ભર્યા સમયે તેમણે મુસાફરોની સુરક્ષા પર વધારે ભાર મુક્યો છે.

# "મેદસ્વિતા મુક્ત ગુજરાત" અભિયાન અંતર્ગત અમદાવાદ સિવિલ હોસ્પિટલની નવીન પહેલ





(જી.એન.એસ) અમદાવાદ,

મેદસ્વિતા ઘટાડવા તેમજ દ્રઝઢ ધરાવતા દર્દીઓ, કુપોષિત બાળક તથા સગર્ભા અને ધાત્રી માતાઓને નિષ્ણાત ડાયેટીશિયન દ્વારા યોગ્ય આહારની માર્ગદર્શિકા, પોષણ કાઉન્સેલિંગ અને વ્યક્તિગત ડાયટ પ્લાન આપવામાં આવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દેશમાંથી મેદસ્વિતા ઘટાડવાના સંકલ્પને સાર્થક કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સમગ્ર રાજયમાં આદરેલા મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા નવીન પહેલ હાથ ધરવામાં આવી છે.આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલની સૂચનાને પગલે અમદાવાદ સિવિલ હોસ્પિટલની ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં "Diician OPD" (રૂમ નં. ૮-૦૨૫) શરૂ કરવામાં આવી છે.જે દરરોજ સવારે ૯:૦૦ થી ૧:૦૦ અને બપોરે ૨:૦૦ થી ૫:૦૦ સુધી કાર્યરત રહેશે.આ **OPD**માં મેદસ્વિતા ઘટાડવાના આશય સાથે , **NCD** ધરાવતા દર્દીઓ, કુપોષિત બાળક તથા ગર્ભવતી અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓને નિષ્ણાત ડાયેટીશિયન દ્વારા યોગ્ય આહારની માર્ગદર્શિકા, પોષણ કાઉન્સેલિંગ અને વ્યક્તિગત ડાયટ પ્લાન આપવામાં આવશે. **BMI(Body Mass Index)** ઘટાડવા સંદર્ભે પણ યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે.આ સેવા દર્દીઓને તેમના આરોગ્યને સુધારવામાં, ઊર્જા વધારવામાં અને સમતુલિત જીવનશૈલી તરફ માર્ગદર્શન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.આ સેવા સંપૂર્ણપણે નિઃશુલ્ક છે અને બધા જ માટે ખુલ્લી છે. વધુ માહિતી માટે ૧૨૦૦ **ned hospital Civil Hospital, Ahmedabad**ના રૂમ નં. ૮-૦૨૫ ની મુલાકાત લેવી રહેશે.

# રાજ્યમાં ૬૧ સરકારી સંસ્થાઓમાં ૯૯૭ ખાતે કુલ ૪૭,૧૭૦ સીટ સાથે નર્સીંગના વિવિધ કોર્ષ કાર્યરત



(જી.એન.એસ) ગાંધીનગર,

ડોક્ટર અને દર્દીને સાંકળતી એક મહત્વની કડી નર્સ છે. કોઈપણ પ્રકારની આરોગ્ય સંબંધી સેવા પુરી પાડવામાં નર્સનો ફાળો ખુબ જ અગત્યનો છે. દર્દીની સારવારમાં નર્સીંગ કેરનો મહત્વનો ફાળો છે. નર્સીંગ કેર એટલે ફક્ત દર્દીને દવા અને ઈન્જેક્શન આપવા એટલું જ નહી પરંતુ નર્સીંગ કેર થકી દર્દીની સારવાર કરતી વખતે હોસ્પિટલમાં ઘર જેવું વાતાવરણ બનાવી આરોગ્ય સંબંધીત શિક્ષણની યોગ્ય સમજણ આપી સારવાર કરવાનો છે. નર્સીંગની સેવાઓ સુદ્રઢ બનાવી શકાય અને દર્દીઓ સુધી ગુણવત્તાસભર સારવાર પુરી પાડવા આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર પ્રયત્ન કરી રહી છે. રાજ્યમાં સરકારી દવાખાનાઓમાં દર્દીઓની સેવામાં હાલ ૧૩,૫૦૭ નર્સ ફરજ બજાવી રહી છે. રાજ્યમાં હાલ કુલ-૬૧ સંસ્થાઓ ૧૯૨૦ સીટ સાથે અને ખાનગી સંસ્થાઓ ખાતે ૯૯૭ સંસ્થાઓ ખાતે કુલ ૪૭,૧૭૦ સીટ સાથે નર્સીંગના જુદા જુદા કોર્ષ ચાલી રહ્યાં છે. જેમાં દર વર્ષે વધારો કરવામાં આવે છે.કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યમાં નર્સીંગની સેવાઓ સુદ્રઢ બનાવવા માટે બી.એસ.સી.(ન.)ની ૫૦૦ સીટ અને પાંચ નવી કોલેજોને મંજુરી આપવામાં આવી હતી જેની કામગીરી હાલ ચાલી રહી છે. આ નવી કોલેજ ગુજરાતના મોરબી, ગોધરા, પોરબંદર, રાજપીપળા અને નવસારીમાં બનાવવાની કામગીરી હાલ ચાલી રહી છે. રાજ્ય સરકાર દ્વારા નર્સીંગની સારવારની ક્ષમતામાં વધારો કરવાના હેતુથી સમયાંતરે આરોગ્યલક્ષી વિવિધ તાલીમ આપવામાં આવે છે. જેનો સીધો લાભ દર્દીઓને આપવામાં આવતી ગુણવત્તાસભર સેવાઓને મળે છે.આરોગ્ય સેવાઓમાં નર્સના યોગદાનને ધ્યાનમાં લઈને સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧૩ મેને 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ નર્સીંગ વ્યવસાયમાં રહેલા નાગરિકોના સમર્પણ, સેવા અને મહેનતને બિરદાવાનો છે. આ દિવસ વિશ્વના નર્સો માટે એક ખુબ જ વિશિષ્ટ અને ગૌરવનો દિવસ છે. ૧૨ મેને પસંદ કરવાનો ખાસ કારણ એ છે કે આ દિવસે જગવિખ્યાત નર્સ અને નર્સિંગ વ્યાવસાયિક પ્રવૃત્તિઓના પાયાના પથ્થર તરીકે ઓળખાતી ફ્લોરેન્સ નાઈટિંગેલનો જન્મદિવસ છે.૨૦૨૫ના અંતરરાષ્ટ્રીય નર્સ દિવસની થીમવર્ષ ૨૦૨૫ માટેઁ ઝ્રદ્ભ દ્વારા "અવર નર્સ, અવર ફ્યુચર, ધ ઈકોનોમીક પાવર ઓફ કેર" નક્કી કરવામાં આવી છે. આ થીમના માધ્યમથી એ દર્શાવવામાં આવ્યું છે કે નર્સો માત્ર આરોગ્ય જાળવવાની જવાબદારી જ નથી ભજવતા, પણ તેઓ સમગ્ર આરોગ્ય વ્યવસ્થા અને અર્થતંત્ર માટે પણ આધારરૂપ છે. જ્યારે આરોગ્ય સેવાઓમાં યોગ્ય નર્સીંગ સ્ટાફ હોય, ત્યારે સારવારની ગુણવત્તા સુધરે છે, દર્દીઓ ઝડપથી સારાં થાય છે જેથી અર્થતંત્ર પરનો ભાર ઓછો થાય છે.નર્સીસ કોઈપણ પ્રકારની કટોકટીની પરિસ્થિતિ જેવી કે ભુકંપ, કોમી રમખાણો, પુર અને યુધ્ધમાં પણ પોતાના પરિવારની ચિંતા છોડીને રાષ્ટ્રસેવામાં હરહંમેશા ખડેપગે તૈયાર રહે છે. વિશ્વમાં કોરોના મહામારી **(COVID-19)** દરમિયાન નર્સોની ભૂમિકા વધુ સ્પષ્ટ બની હતી. પોતાનું જીવન જોખમમાં મૂકીને દર્દીઓની સારવાર કરી હતી. ઁઈ કિટ પહેરીને સતત કલાકો સુધી ડ્યૂટી પર રહી, ઘરના સભ્યો સાથે સંપર્ક ઘટાડી મનોબળ સાથે તેમણે ફરજ બજાવી હતી. નર્સ આરોગ્ય ક્ષેત્રનો અદશ્ય પાયોનર્સો આરોગ્ય વ્યવસ્થાનો એક અનિવાર્ય અને અદશ્ય પાયો છે. ડોક્ટર દર્દીને સારવાર આપે છે, પણ નર્સ તેનું જીવન બચાવવા માટે ૨૪ કલાક તેની સાથે રહી સેવા આપે છે. દર્દીની સંભાળ, સમયસર દવાઓ આપવી, સારવારની પ્રક્રિયા દરમિયાન સતત દેખરેખ રાખવી, અને દર્દી તથા તેના પરિવારજનોને માનસિક સહારો આપી નર્સો એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. નર્સ માત્ર વ્યવસાય નથી, તે એક સેવા છે. માનવતાની ભાવના ધરાવતી વ્યક્તિ નર્સ બની શકે છે.

# શ્રી ભારદ્વાજ ગોત્ર પરિવાર, ચામુંડા કુળદેવી સેવા મંડળ ટ્રસ્ટ વરવાડા દ્વારા બુધવારે સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ યોજાશે

મહેસાણા

શ્રી ભારદ્વાજ ગોત્ર પરિવાર, ચામુંડા કુળદેવી સેવા મંડળ ટ્રસ્ટ વરવાડા દ્વારા બુધવારે સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ યોજાનાર છે આ યજ્ઞોપવિત સંસ્કારમાં ૫૩ બટુકો જનોઈ ધારણ કરશે, સવારે સાત કલાકથી યોજાનારા કાર્યક્રમો વિશ્વેશ્વર મહાદેવના મહંત રામદાસ ગુરુ અનિરુદ્ધદાસજી મહારાજ આશીર્વાદ આપનાર છે , આ ઉપરાંત આ સમારોહમાં રાજ્યસભા સાંસદ મયંક નાયક, જિલ્લા ભાજપ પ્રમુખ ગિરીશ રાજગોર સિદ્ધપુર નગરપાલિકાના માજી પ્રમુખ અમૃતભાઈ જોશી તેમજ ગુજરાત હાઈકોર્ટના સિનિયર એડવોકેટ પ્રકાશ જાણી ઉપસ્થિત રહેનાર છે, સમૂહ યજ્ઞોપવિત સંસ્કારમાં વિવિધ દાતાશ્રી દ્વારા દાન આપવામાં આવનાર છે,અત્રે ઉલ્લેખનીએ છે કે બ્રહ્મ સમાજના જરૂરિયાત પરિવારો માટે ચાલતી વ્યક્તિગત લગ્ન યોજનાના કાયમી દાતાશ્રી મણીલાલ જોશી તેમજ હીરાબેન જોશી પરિવારનું સ્વાગત સન્માન થનાર છે, આ સન્માન કાર્યક્રમ દાતાશ્રીઓ સાથે અન્ય દાતાશ્રી દક્ષાબેન જોશી પરિવારનું પણ સન્માન થનાર છે,આ યજ્ઞોપવિત સંસ્કાર ઉપસ્થિત રહી આશીર્વચન આપવા ટ્રસ્ટના પ્રમુખશ્રી મણીભાઈ જોશી,ઉપપ્રમુખશ્રી અરવિંદભાઈ શુકલ તેમજ મંત્રીશ્રી દેવેન્દ્રભાઈ દવેએ આમંત્રણ પાઠવેલ છે.

# વૈરાગ્ય આવશે એટલે પાપ છૂટશે,બાકી પાપના સંસ્કારો જલદી છૂટતા નથી.

★યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા★



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



ગઈકાલે આપણે બુદ્ધ પૂર્ણિમાની ઉજવણી કરી પાકિસ્તાને ભલે સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું હોય ભારતીય સેનાની ત્રણેય પાંખની સંયમતાને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. ક્રોધ જરૂર આવે પણ અમુક સમયે સંયમ રાખવો જોઈએ તે ભારતીય સેનાએ વિશ્વના દેશોને બતાવ્યું રાજકારણીઓ ગમે તે કરે એ તરફ આવા સમયે ધ્યાન આપવાની જરૂર નથી. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો માતાપિતા જે જન્મ આપે છે તે સાધારણ જન્મ છે, પણ સદગુરુ જે આધ્યાત્મિક જન્મ આપે તે જ સાચો જન્મ છે. સદગુરુ મળ્યા પછી માનવીનું પવિત્ર જીવન શરૂ થાય છે. સદ ગુરુ સદ્શિષ્યનું હંમેશાં સર્વ પ્રકારે રક્ષણ કરે છે. પિતાપુત્રના સંબંધમાં સ્વાર્થ રહેલો છે. જ્યારે ગુરુશિષ્યના સંબંધ નિઃસ્વાર્થ છે. ગુરુને શિષ્યમાં જો કંઈ સ્વાર્થ હોય તો એ સાચો ગુરુ નથી.

એક સદગુરુ પોતાના શિષ્યની સાથે જંગલમાં એક વૃક્ષ નીચે રહેલો છે. શિષ્ય ઊંઘી ગયા છે. ગુરુ ધ્યાનમાં બેઠા છેએવામાંએક સર્પ ત્યાં આવે છે,ને કહે છે કે,હું તમારા શિષ્યને કરડવા આવ્યો છું ત્યારે ગુરુ કહે છે કે, ભાઈ, શિષ્ય હજી સાધક છે. એને પરમાત્માનાં દર્શન થવાના બાકી છે એને એ સ્થિતિમાં એનું મૃત્યુ થશે તો એની દુર્ગતિ થશે,માટે તું શિષ્યને નહીં, મને કરડ તારા ડંખથી મારું મૃત્યુ મંગલમય બની જશે.પુત્રને સર્પ ડંખવા આવ્યો ત્યારે કોઈ પિતા આમ કહી શકશે? પિતા પુત્રના સંબંધમાં સ્વાર્થ રહેલો છે,જ્યારે ગુરુશિષ્યનો સંબંધ નિઃસ્વાર્થ હોય છે.પાંચ પ્રકારની શુદ્ધતા પરીક્ષિતમાં છે.માતૃશુદ્ધિ, પિતૃ શુદ્ધિ,દ્રવ્યશુદ્ધિ,અન્નશુદ્ધિ અને આત્મશુદ્ધિ.આવા સશિષ્યને ગુરુકૃપા અને ઈશ્વરદાન થાય છે. સદગુરુતત્ત્વ અને ઈશ્વરતત્ત્વ એક છે. ઈશ્વર જે વ્યાપક છે તેમ ગુરુ પણ વ્યાપક છે.જેનોઅભાવ કોઈ ઠેકાણે નથીતે વ્યાપકને શોધવાની જરૂર પડતી નથી, પણ વ્યાપકને ઓળખવાની જરૂર છે.

સંત થયા વગર સંતને ઓળખી શકાતા નથી. જે સંત થાય તેને સંત મળે.સંત થવા માટે વ્યવહાર ને અતિશુદ્ધ બનાવજો.મૂઠીચણા ની જરૂર છે ત્યાં સુધી વ્યવહાર છૂટતો નથી. પ્રત્યેક વ્યવહારને ભક્તિમય બનાવે એ ખરો વૈષ્ણવ.

સંત થવા માટે મનને બદલવાની જરૂર છે, જે પોતાના સહૃદયનું પરિવર્તન કરે છે, તે સંત બને છે. મન શુદ્ધ બને તો સંત મળે છે. સંતને જ સંત મળે છે. વિલાસીને સંત મળતો નથી.

ગુરુદેવ બ્રહ્માસમ છે. તેઓ નવો જન્મ આપે છે. એટલે કે તે મનને અને સ્વભાવને સુધારે છે. ગુરુદેવ વિષ્ણુસમ છે કારણ કે ગુરુદેવ શિષ્યનું રક્ષણ કરે છે.ગુરુદેવ શિષ્યને મોક્ષ પણ આપે છે. તેથી શિવજીનું પણ સ્વરૂપ છે.ગુરુ વગર રહેશો નહીં. તમે લાયક થશો તો ભગવત્ કૃપાથી સદગુરુ મળી રહેશે.તુકારામજી મહારાજે પોતાનો અનુભવ વર્ણવ્યો છે. કથા વાર્તા સાંભળતા પ્રભુના નામમાં મારી પ્રીતિ થઈ.વિઠ્ઠલનો વિઠ્ઠલ હું સતત જપ કરવા લાગ્યો. ભગવાનને મારા ઉપર દયા આવી. હું ગંગાજીમાં સ્નાન કરીને આવતો હતો. રસ્તામાં ગુરુદેવ મળ્યા અને કહે વિઠ્ઠલ નાથની પ્રેરણાથી હું તને ઉપદેશ આપવા આવ્યો છું. ગુરુદેવે કૃપા કરી અને મંત્ર આપ્યો રામકૃષ્ણ હરિ.ગુરુ દક્ષિણામાં ગુરુદેવે પાશેર તુપ એટલે ઘી માગ્યું.શું તુકારામના ગુરુને પાશેર ઘી નહીં મળતું હોય?પણ તુકારામનીવાણી ગૂઢાર્થ ભરેલીછે,તુપ એટલે તારું તું પણું અને હું પણું તું મને આપ. આજથી તું ભૂલી જા કે, તું પુરુષ છે.તું તારું પુરુષત્ત્વ ભૂલી જા. મારા ગુરુદેવે હું પણું અને તું પણું માગી લીધાં.મને આજ્ઞા કરીકે તારું અભિમાન મને આપ.આજ થી હું પણું રાખીશ નહીં.તું પુરુષ નથી. તું સ્ત્રી નથી.કોઈનો પુત્ર નથી.બધાના દેહના ભાવ તું મને અર્પણ કર.તું શુદ્ધ છે,તું બ્રહ્મ છે, તું ઈશ્વરનો અંશ છે. આમ જીવ નો ઈશ્વર સાથે સંબંધ ગુરુદેવે સિદ્ધ કરી આપ્યો.

જેની પ્રત્યેક ક્રિયા જ્ઞાનમય હોય તે ઉત્તમ ગુરુ. ભક્તોની પ્રત્યેક ક્રિયા જ્ઞાન અને બોધરૂપ હોય છે. સંતોનું બધું અલૌકિક હોય છે. શુકદેવજી એકલા બ્રહ્મજ્ઞાની ન હતા પરંતુ તેમની દષ્ટિ પણ બ્રહ્મદષ્ટિ હતી. શુકદેવજી પ્રત્યેકને સમભાવથી જુએ છે. જે દષ્ટિ બ્રહ્મમય છે, તેને પછી જગતનો ભાસ થતો નથી. શુકદેવજી ગુરુ નહીં પણ સદ્ગુરુ છે. બ્રહ્મજ્ઞાનની શુષ્ક વાતો કરનાર સુલભ છે પણ શુકદેવજી જેવા બ્રહ્મદષ્ટિ રાખનારા સુલભ નથી.

શુકદેવજી જેવા ગુરુ મળે તો સાત દિવસમાં તો શું પણ સાતમિનિટમાં મુક્તિ અપાવે.પણ શિષ્ય પરીક્ષિત જેવો અધિકારી હોવો જોઈએ.

મંત્રદીક્ષા અધર્મ છે, સ્પર્શ દીક્ષા ઉત્તામ છે. બ્રહ્મભાવમાં તલ્લીન થઈ શુકદેવ પરીક્ષિતના માથા ઉપર વરદ્ હસ્ત પધરાવ્યો, ત્યાં તેમને બ્રહ્મનાં દર્શન થયાં.ત્રણ પ્રકારના શ્રોતાવક્તામાં વ્યાસજીને બીજો નંબર આપ્યો છે કારણ વ્યાસજી સમાજ સુધારેએ વૃત્તિ થી કથા કરતા. શુકદેવજી બીજાને સુધારવાની ભાવનાથી કથા કરતા નથી. ફક્ત પોતાના અંતઃકરણના સુખ માટે કથા કરે છે. શુકદેવજીએ કથાનો આરંભ કર્યો પણ મંગલાચરણ કરતા નથી. કારણ દેહભાન બિલકુલ ન હતું. ત્રણ અધ્યાય પછી શુકદેવજીએ મંગલાચરણ કર્યું છે. ભાગવતમાં ત્રણ મંગલાચરણ છે.પ્રથમ વ્યાસ જીનું. બીજું શુકદેવજીનું, અંતમાં સૂતજીનું.જુવાનીમાં મંગલાચરણ, મંગલઆચરણની બહુ જ જરૂર છે.એટલે શુકદેવજીનું મંગલાચરણ બારશ્લોકનું અને બાકીનાં મંગલા ચરણ એક એક શ્લોકનાં છે. સંસારના કોઈપણ વિષયમાં મન જાય એ વૈરાગ્ય. સંસારના વિષયો દેખાય તેમ છતાં જેનું મન તેમાં જતું નથી તેનું વૈરાગ્ય સિદ્ધ થયું. વૈરાગ્ય વગર દઢતા આવતી નથી. વૈરાગ્યથી જ્ઞાન દીપે છે. વૈરાગ્ય ભક્તિ શોભે છે. જ્ઞાન, ભક્તિ વૈરાગ્ય પરિપૂર્ણ થાય તો મનુષ્ય બ્રહ્મમય થાય છે. શુકદેવજીમાં સોળઆની જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય હતાં. જ્ઞાનીનું હૃદય શ્રીકૃષ્ણપ્રેમમાં ન પીગળે તો જ્ઞાન શા કામનું?

રાજા પરીક્ષિત શુકદેવજીને પૂછે છે, જેનું મરણ પાસે આવ્યું હોય તેનું કર્તવ્ય શું?તે શું કરે, શું ન કરે? મનુષ્યમાત્રનું કર્તવ્ય શું?

શુકદેવજી બોલ્યાઃ રાજન્, તેં પ્રશ્ન સુંદર કર્યો છે.શ્રવણ કરો!તું મૃત્યુ ની બીક ધરીને તેની તૈયારીમાં પડયો તે સારું કર્યું.મૃત્યુની બીક રાખો. એનું સ્મરણ રાખો. વિચાર કરો કે મૃત્યુને ભેટવાની તૈયારી કરી છે કે નહીં?આ પ્રમાણે ચિંતન કરવાથી વૈરાગ્ય આવે છે.

જન્મ મૃત્યુ જરાવ્યાધિદુઃખદેષાનુદર્શનમ્ ।

જન્મ, મૃત્યુ, જરા વ્યાધિનાં દુઃખો નો વારંવાર વિચાર કરો,તો વૈરાગ્ય આવશે અને પાપ છૂટશે,બાકી પાપના સંસ્કારો જલદી છૂટતા નથી. વિચાર વિના વિવેક-વૈરાગ્ય નથી આવતાં. કાળને માથે રાખી હંમેશા ઈશ્વરનું ચિંતન કરવું. કાળને યાદ રાખો તો પાપવૃત્તિ ઉદભવશે નહીં.ભજન માટે અનુકૂળ સમયની રાહ જુઓ નહીં. કોઈપણ ક્ષણ ભજન માટે અનુકૂળ છે. બધી અડચણો દૂર થયા પછી હું ભજન કરીશ એમ માનવું તે અજ્ઞાન છે.

એક મનુષ્ય સમુદ્રમાં સ્નાન કરવા સમુદ્રકિનારે ગયો.પણ સ્નાન કરવાને બદલે તે ત્યાં બેસી જ રહ્યો. લોકોએ તેને પૂછ્યું, અલ્યા, સ્નાન કરને! કેમ શાંત બેસી રહ્યો છે?

તે પુરુષે કહ્યું,જોતા નથી. સમુદ્રમાં ઉપરાઉપરી કેવાં તરંગો આવે છે! સમુદ્રમાં આ તરંગો બંધ થાય એટલે સ્નાન કરીશ.

સમુદ્રમાં મોજાં બંધ થવાનાં હતાં? મોજાં બંધ થાય નહીં ને સ્નાન પૂરું થાય નહીં. તે પ્રમાણે સંસાર સમુદ્ર છે. તેમાં અડચણરૂપી તરંગો તો આવવાનાં જ,એટલે કોઈ કહે અનુકૂળતા આવશે, ત્યારે ઈશ્વરનું ભજન કરીશ તો એવી સર્વાંગી અનુકૂળતા કદી આવતી જ નથી. જેમ પેલો પુરુષ સ્નાન કર્યા વગર રહી ગયો, તેમ તેવો મનુષ્ય ઈશ્વર ભજન કર્યા વગર રહી જાય છે. જીવનમાં ભલે અડચણો આવે, પણ લક્ષ્ય ભૂલશો નહીં. લોભી પૈસાનું લક્ષ્ય રાખે,તેમ મહા પુરુષો પરમેશ્વરનું લક્ષ્ય રાખે છે. ભગવાને પણ ગીતામાં કહ્યું છે કે,અંતકાળે જે મારું સ્મરણ કરતાં દેહનો ત્યાગ કરે છે,તે મને પામે છે. અંતકાળ એટલે જીવનનો અંત કાળ નહીં.પરંતુ ક્ષણનો અંતકાળ એટલે દરેક ક્ષણે ઈશ્વરનું ચિંતન, ધ્યાનસ્મરણ કરવું જોઈએ જીવન ક્ષણનું જ બનેલું છે.ગમેતે ક્ષણે તેનો અંત છે. તે અંતકાળ માટે પ્રતિક્ષણને સુધારશો તો જ મરણ સુધરશે.લોકો માને છેકે આખી જિંદગી કામધંધો કરીશું, કાળાં ધોળાં કરીશું અને અંતકાળે ભગવાનનું નામ લઈ લઈશું અને તરી જઈશું. આ વિચાર ખોટો છે.એટલે તો સ્પષ્ટતા કરેલી છે કે,હંમેશાં જે ભાવનું ચિંતન કરશો તેનું જ અંત કાળે સ્મરણ થશે એટલે તે ભગવાને આજ્ઞા કરી છે કે નિરંતર મારું જ સ્મરણ કર.એ તો સર્વ વિદિત છે કે જેનું સતત ચિંતન એનું જ મરણકાળે સ્મરણ, રટણ થાય છે.એકસોની માંદગીમાં પથારીવશ હતો.મહિનાથી બજાર માં ગયેલો નહીં.તેથી વિચારો સોનાના ભાવના જ આવ્યા કરે. અંતકાળ આવ્યો છે. ડૉક્ટરે તાવ માપી કહ્યું કે એકસો પાંચ છે.(૧૦૫ડિગ્રી તાવ છે)સોની સમજ્યા,કોઈએ સોનાનો ભાવ કહ્યો,તે પોતાના પુત્રને ઉદ્દેશી બૂમ મારવા લાગ્યો કે, વેચી નાખ, વેચી નાખ! ઓછામાં લીધેલું છે અને વધુ થયા છે.માટે વેચી નાખ આમ બોલતાં બોલતાં સોની એ દેહ છોડયો.સોનીએ આખી જિંદગી સોનાનો જ વિચાર કરેલો એટલે અંતકાળે તેને સોનાના જ વિચાર આવ્યા. પૈસા, પૈસા કરનારને અંતકાળે પૈસાના જ વિચાર આવે છે. પૈસા કમાવા એ પાપ નથી, પરંતુ પૈસા મેળવતાં ભગવાનને ભૂલવા એ પાપ છે.

શુકદેવજીએ કહ્યું,હે રાજા, મનુષ્યનું આયુષ્ય આમ ને આમ પૂરું થઈ જાય છે. રાત્રિ નિંદ્રા અને વિલાસમાં પસાર થઈ જાયછે અને દિવસ ધન માટે ઉદ્યમ કરવામાં અને કુટુંબનું ભરણ પોષણ કરવામાં પૂરો થઈ જાય છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે છેલ્લે તમે પાણીને ગમે તેટલું ગરમ કરો, તે તેની મૂળસ્થિતિમાં પાછું આવશે અને થોડા સમય પછી ઠંડુ થઈ જશે.એ જ રીતે,આપણે ગમે તેટલા ગુસ્સામાં,ડરમાં અને અશાંતિમાં જીવીએ, થોડા સમય પછી આપણે સમજણ,નિર્ભયતા અને આનંદમાં આવવું પડશે કારણ કે આ આપણી મૂળભૂત પ્રકૃતિ છે કે ભગવાને આપણને આવી શક્તિથી ભરેલું જીવન આપ્યું છે, ભારત પાકિસ્તાન વચ્ચે તણાવભરી પરિસ્થિતિમાં ભયનો માહોલ ઉભો થયો ત્યારે શાસકો અને પ્રજા બંનેમાં વિહવળતા જોવા મળતી હતી.યુદ્ધ લડાઈ ઝગડાથી કોઈને સરવાળે ફાયદો થતો નથી આપણે ગઈકાલે બુદ્ધ પૂર્ણિમા ઉજવી ભગવાન બુદ્ધનો સંદેશ પણ શાંતિ તરફ જ ઈશારો કરે છે ત્યારે આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

★યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા★

# VVIP મુવમેન્ટ માટે આઈકોનિક રોડ પછી તંત્રને શુરાતન ચઢયું, રોડ બનાવવા કરતા સુશોભન પાછળ પ્રતિ કિ.મી. ૧૦ કરોડ ખર્ચ કરાય છે

અમદાવાદ,

અમદાવાદમાં એરપોર્ટ સર્કલથી ઈન્દિરાબ્રિજ સુધી વી.વી.આઈ.પી. મુવમેન્ટ માટે ૩૫ કરોડના ખર્ચે પહેલો આઈકોનિક રોડ બનાવાયો હતો.આ રોડ બનાવાયા પછી તંત્રને શહેરભરમાં આવા રોડ બનાવાનું શુરાતન ચઢયુ છે. રોડ બનાવવામાં રોડ કરતા આસપાસ સુશોભન અને કયારેય ઉપયોગમાં નહીં લેવાય એવી એમિનિટીઝ પાછળ પ્રતિ કિલોમીટર રુપિયા ૧૦ કરોડ જેવો ખર્ચ કરાય છે.આ ખર્ચ અટકાવી મ્યુનિસિપલ કોર્પોરેશન નાગરિક સુવિધાના કામ કરી શકે છે. શહેરમાં રોડ-રસ્તા બનાવવા પાછળ કોર્પોરેશન સૌથી મોટો ખર્ચ કરે છે. આ સિવાય વરસાદ પછી રોડ ઉપર



પડેલા ખાડા પુરવા માટે થતો ખર્ચ તો અલગ. શાહીબાગ વોર્ડમાં મહાપ્રજ્ઞાજી બ્રિજથી ઘેવર સર્કલ,રક્ષાશકિત સર્કલથી ડફનાળા સુધી બે કિલોમીટરના હયાત રોડને રુપિયા ૧૭ કરોડના અંદાજ સામે રુપિયા ૨૩.૬૪ કરોડ જેટલી રકમનો ખર્ચ કરી આઈકોનિક રોડ તરીકે ડેવલપ કરવા કોન્ટ્રાકટર શ્રીજી કન્સ્ટ્રકશનને તેમજ નરોડા વોર્ડમાં ૧.૯૦ કિલોમીટરના રોડને રુપિયા ૨૫.૮૦ કરોડના અંદાજ સામે રુપિયા ૩૩.૮૦ કરોડ જેટલી રકમનો ખર્ચ કરી આઈકોનિક રોડ તરીકે ડેવલપ કરવા એપેકસ પ્રોટેક એલ.એલ.પી.ને કામગીરી આપવા રોડ કમિટી સમક્ષ દરખાસ્ત મંજૂરી માટે મુકવામાં આવી છે.ઘેવર સર્કલ,રક્ષાશકિત સર્કલ તથા અન્ય ટ્રાફિક સર્કલ ડેવલપ કરાશે.રોડને સમાંતર અલગ અલગ જગ્યાએ પાંચ કારની ક્ષમતાવાળુ પાર્કિંગ બનાવાશે.લેન્ડ સ્કેપીંગ સાથેનો પેડેસ્ટ્રીયન ઝોન બનશે.લોકો બેસી શકે એ માટે આકર્ષક બેન્ચ સહીત સ્ટ્રીટ ફર્નિચર ઉપલબ્ધ કરાવાશે.

# મહિલાને બંદૂક બતાવીને બેંકના કોરા ચેક પર સહી કરાવી લેવાયાની ફરિયાદ

અમદાવાદ,

નાસિકમાં રહેતી એક મહિલા અમદાવાદમાં રહેતા બે શખ્સો ઉપરાંત, આનંદનગર પોલીસ પર આક્ષેપ કરતી ચોંકાવનારી ફરિયાદ નોંધાવી છે કે જેમાં બે શખ્સોએ પોલીસ સાથે મળીને મહિલાને ધમકી આપીને તેની પાસે કોરા ચેકમાં સહી કરાવી લીધી હતી. એટલુ જ બે આરોપીઓએ મહિલાની દીકરી સાથે પણ અશ્લિલ હરકત કરી હતી. નાસિકથી ઝીરો નંબરથી દાખલ થયેલી આ ફરિયાદના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે. નાસિકમાં રહેતી સુનિતા (નામ બદલેલ છે) નામની મહિલાએ નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે તે બેંકમાં કામ કરતા હતા ત્યારે તેમનો પરિચય દર્શીત શાહ સાથે થયો હતો. થોડા મહિના પહેલા સુનિતા તેના પારિવારિક ભાઈ અને પુત્રી સાથે સારંગપુર દર્શન કરવા માટે આવ્યા હતા. આ સમયે તેમણે અમદાવાદમાં રહેતા દર્શીત શાહ સાથે વાત કરતા તે ગત ૩ માર્ચના રોજ નાસિક આવવા માટે પરત નીકળ્યા ત્યારે એસ જી હાઈવે દર્શીત શાહને મળ્યા હતા. આ સમયે ૧૦ થી ૧૫ લોકો આવ્યા હતા અને તેમણે દર્શીત શાહને ધમકી આપી હતી. આ ટોળામાં દર્શન મહેતા નામનો વ્યક્તિ પણ હાજર હતો.થોડીવાર બાદ દર્શન મહેતાએ પોલીસને ફોન કરીને બોલાવતા પોલીસની ગાડીમાં આવેલા સ્ટાફે સુનિતા અને તેમની પુત્રીને ગાડીમાં





બેસાડી હતી અને આનંદનગર પોલીસ ચોકી પર લાવ્યા હતા. જ્યારે દર્શન મહેતા સુનિતાના ભાઈની કારમાં પોલીસ ચોકી આવ્યો હતો.જ્યાં સુનિતા સાથે મહિલા પોલીસ કર્મચારીએ ગેરવર્તન કર્યુ હતું. થોડીવાર બાદ સુનિતા અને તેની પુત્રીને પોલીસની ગાડીમાં બેસાડીને બહાર લાવીને તેમની ગાડીમાં બેસાડી દીધા હતા.

# વ્યાજખોરના ત્રાસથી મહિલાએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો



અમદાવાદ ,

અસારવામાં વ્યાજખોરના ત્રાસથી કંટાળીને મહિલાએ ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેમાં પતિએ વ્યાજખોર પાસેથી રૂા. ૪ લાખ ૧૦ અને ૨૦ ટકા વ્યાજે લીધા હતા. તેની સામે મહિલાએ દાગીના ગિરવે મુકીને રૂા. ૨૨.૩૭ લાખ ચૂકવ્યા પછી પણ વધુ વ્યાજની માંગણી કરીને ઉઘરાણી કરીને ધમકીઓ આપતા હતા જેમના ડરના કારણે મહિલા પરિવાર સાથે બહાર ગામ રહેવા મજબૂર બની હતી. આખરે ધમકીઓથી કંટાળીને મહિલાએ વ્યાજખોર અને તેના મિત્ર સામે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે. રૂા. ૪ લાખના ૨૨.૩૭ લાખ આપ્યા પછી પણ વધુ રૂપિયા માંગતા, વ્યાજખોરોની ધમકીથી ડરીને દંપતિ કલોલ રહેવા જતું રહ્યું શાહીબાગ પોલીસે ગુનો નોંધ્યો વધુ તપાસ હાથ ધરી અસારવામાં રહેતી મહિલાએ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં રહેતા બે લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે વર્ષ ૨૦૨૦માં પતિએ લોન ઉપર રિક્ષા લીધી હતી. જેમાં છ હપ્તા ન ભરતા ફાઈનાન્સ કંપનીએ રિક્ષા પરત ખેંચવા આવ્યા હતા. જેથી પાસે રૂપિયા લેવા ગયા ત્યારે લોન ભરવા રૂપિયા આપ્યા હતા મહિલના પતિને ધંધામાં રૂપિયાની જરૂર પડતા તેમની પાસેથી રૂા. ૪ લાખ ૧૦ અને ૨૦ ટકા વ્યાજે લીધા હતા. જેની સામે દાગીના વેચી અને સંબંધીઓ પાસેથી ઉછીના લઈને કુલ રૂા. ૨૨.૩૭ લાખ આપ્યા હતા તેમ છતા પણ વ્યાજખોર ખોટી રીતે વ્યાજની માંગણી કરીને દંપતિને મારી નાખવાની ધમકી આપતા હતા જેથી રિક્ષાના હપ્તા ભરવાનું કહ્યું હતું પરંતુ આરોપીએ તે ભર્યા ન હતા. જેથી ફરિયાદીના પતિ આરોપીને પૂછવા જતા ગાળો બોલ્યો હતો. અને અવાર નવાર વ્યાજની માંગણી રીને ધમકી આપતા હતા જેથી કંટાળીને સાત મહિના પહેલા મહિલાએ ઉંદર મારવાની દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો ત્યારબાદ તેઓ ગાંધીધામ રહેવા ગયા હતા. પરત આવતા આરોપી અને તેનો મિત્ર રૂપિયાની ઉઘરાણી કરીને અવારનવાર ધમકી આપતા હતા

# ભારતના નિકાસકારોને પણ ફાયદો થશે એક્સચેન્જ રેટની એનિશ્ચિતતાના સમયમાં કરન્સીના સોદાના દર નક્કી કરવા સરળ થશે



અમદાવાદ,

પરદેશના ઈન્વેસ્ટર ભારતમાં રોકાણ કરવા માટે મોકલે અને ભારતમાંથી વિદેસમાં ડૉલર મોકલે તો તેમના એક્સચેન્જના દર હવે સ્પોટરેટ પ્રમાણે એટલે કે બજારના હાજર ભાવ પ્રમાણે ગણવામાં આવશે. અત્યાર સુધી ફોરેક્સ મોકલે તે પછીના બે દિવસ દરમિયાન થનારી ભાવની વધઘટ પ્રમાણમાં મોકલેલી ફોરેક્સનો એક્સચેન્જ રેટ નક્કી થતો આવતો હોવાથી તેમણે મોકલેલા ફોરેક્સનો વટાવ કેટલા દરથી થયો તે અંગે પારદર્શકતા રહેતી નહોતી. આ સ્થિતિને બદલવા માટે મિનિસ્ટ્રી ઓપ કોર્પોરેટ અપેર્સે એએસ-૨૧માં ફેરફાર કર્યો છે.


તેનાથી એક્સચેન્જ રેટની બાબતમાં નિશ્ચિતતા ન હોય તેવા સમયમાં કરન્સીના એક્સચેન્જના સોદાઓ સરળતાથી અમલમાં મૂકી શકાશે. અત્યાર સુધી હાજર ભાવ વત્તા બે દિવસની વધઘટ પ્રમાણેનો એક્સચેન્જ રેટ લાગુ કરવામાં આવતો હોવાથી વિદેશથી ભારતમાં પૈસા મોકલનારને ખબર જ પડતી નહોતી કે તા પૈસા કયા દરે એક્સચેન્જ થશે. આમ જૂની વ્યવસ્થામાં પારદર્શકતાનો અભાવ હતો. હવે વિદેશથી ૧૦૦૦ અમેરિકી ડૉલર મોકલનારને સ્પોટ રેટ રૂા. ૮૫નો હશે તો તેના રૂા. ૮૫૦૦૦નું રોકાણ થશે તે નિશ્ચિત થઈ જશે. ભૂતકાળમાં તેનું રોકાણ રૂા. ૮૪,૫૦૦ કે પછી ૮૫,૨૦૦એ પણ થતું હતું. હવે આ બાબતમાં પૂર્ણ પારદર્શકતા આવી જશે.

અત્યારે જે દિવસે નાણાં મોકલે તે દિવસ પછીના બે દિવસ સુધીમાં ફોરેક્સના દરમાં થતાં ફેરફારને જોઈને અનુકૂળ પડે તે રીતે ફોરેક્સનો એક્સચેન્જ રેટ નક્કી કરવામાં આવતા વિદેશ નાણાં મોકલનારને કે પછી વિદેશથી ભારતમાં નાણાં મોકલનારને ગેરલાભ થતો હતો. પરંતુ આ સુધારાને પરિણામે મોકલેલા નાણાં સામે કેટલા નાણાં મળશે તે ચોક્કસ પણે નિશ્ચિત કરી શકાશે. આમ એએસ-૨૧માં કરવામાં આવેલા પ્રસ્તુત ફેરફારને કારણે એક્ઝેટ એક્સચેન્જ રેટ જાણી શકાશે. વિદેશથી ભારત નાણાં મોકલતી અને ભારતમાંથી વિદેશમાં નાણા મોકલતી કંપનીઓને પણ તેનો ફાયદો મળશે. ટૂંકા ગાળામાં હૂંડિયામણના દરમાં મોટા ફેરફાર આવી જતા ઘણી વાર મોટું નુકસાન થઈ જતું હતું તો કેટલીકવાર મોટો લાભ મળી જતો હતો. પરંતુ તેને કારણે અનિશ્ચિતતા રહેતી હતી. હવે આ અનિશ્ચિતતા રહેશે નહિ.

# આરટીઓમાં કેશિયર હોવાનું કહી સવા ચાર લાખ પડાવ્યા

અમદાવાદ ,


વટવામાં ટુ વ્હીલરનુ સેલ્સ તથા સર્વિસ કરતા વેપારીને તેમના ત્યાં વાહન સર્વિસ કરવા આવતા શખ્સે પોતે આરટીઓમાં કેશિયર હોવાની વાત કરી હતી અને વિશ્વાસમાં લઈને ૧૩ ડ્રાઈવિંગ લાઈસન્સ તથા જૂના વાહનો આરટીઓમાંથી હરાજીમાં અપાવવા તથા સિવિલ હોસ્પિટલમાં કાર ભાડે મૂકાવવાની વાત કરીને વેપારી સાથે રૂા. સવા ચાર લાખની છેતરપીંડી કરી હતી. આ બનાવ અંગે વટવા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વેપારીએ ૧૩ સગા વ્હાલાના ડ્રાઈવિંગ લાયસન્સ બનાવવા આપ્યા, આરટીઓના જુના વાહન હરાજીમાં અપાવવાની, સિવિલમાં કાર મૂકવાની વાત કરી બનાવટી દસ્તાવેજ આપી ઠગાઈ મણીનગરમાં એક્સપ્રેસ હાઈવે ઉપર બંગલામાં રહેતા અને વટવામાં ટુ વ્હીલર સેલ્સ તથા સર્વિસનો વ્યવસાય કરતા યુવકે વટવા પોલીસ સ્ટેશનમાં વટવામાં રહેતા ધિરજભાઈ સામે ફરિયાદ નોંધાવીછે કે આરોપી તેમના ત્યાં વાહનની સર્વિસ કરાવવા માટે આવતા હતા વર્ષ પહેલા પોત આરટીઓમાં કેશિયર હોવાની વાત કરી હતી અને વિશ્વાસમાં લઈને આરટીઓને લગતી કોઈ કામગીરી





હોય તો કહે જો કહેતા યુવકે તેમની પત્ની પુત્ર સહિત સગા વ્હાલાના મળી કુલ ૧૩ ડ્રાઈવિંગ લાઈસન્સ તથા જૂના વાહનો આરટીઓમાંથી હરાજીમાં અપાવવા તથા સિવિલ હોસ્પિટલમાં કાર ભાડે મૂકાવવાની વાત કરી હતી અને વેપારી સાથે રૂા. સવા ચાર લાખની છેતરપીંડી કરી હતી.

# અમદાવાદમાં એકતરફી પ્રેમમાં 'પાગલ' પ્રેમીએ બાઇકની ચાવી મારી યુવકની કરી હત્યા



અમદાવાદ,

નિકોલમાં રહેતો યુવક પડોશમાં રહેતી અને સગાઈ થયેલી યુવતી સાથે એક તરફી પ્રેમમાં પાગલ હતો. રવિવારે યુવતી સોસાયટીના યુવકના બાઈક ઉપર બેસીને ગામડે જતી હતી. યુવક બાઈક લઈને પાછળ ગયો હતો અને રસ્તામાં યુવતીને રોકી હતી જેથી યુવતીને લઈ જતા આરોપી અને યુવક વચ્ચે તકરરા થઈ હતી જેથી ઉશ્કેરાઈને સોસાસયટીમાં રહેતા શખ્સે પીછો કરતા યુવકને છાતીની નીચેના ભાગે બાઈક ચાવી મારી દેતા યુવકનું લોહી લુહાણ હાલતમાં મોત થયું હતું. આ બનાવ અંગે નિકોલ પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે. નિકોલમાં પરિવાર સાથે રહેતા ભાવેશભાઈ તેમના ફલેટમાં રહેતી સગાઈ થઈ ચૂકેલી યુવતીના એક તરફી પ્રેમમાં પાગલ હતો. યુવતી જ્યાં પણ જાય ત્યારે તેનો પીછો કરતો હોવાની જાણ ફલેટમાં રહેતા હર્ષને થઈ ગઈ હતી. રવિવારે બપોરે યુવતી ફલેટમાં રહેતા આરોપીની બાઈક પાછળ બેસીને ગામડે જઈ રહી હતી.

# અમદાવાદ જિલ્લાના વિવિધ તાલુકામાં લોકજાગૃતિ માટે નાગરિક સંરક્ષણ તાલીમ યોજાઈ



અમદાવાદ ,

અમદાવાદ જિલ્લાના વિવિધ તાલુકામાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકજાગૃતિ માટે નાગરિક સંરક્ષણ તાલીમ યોજાઈ હતી. જે માટે મહેસૂલ, પંચાયત, આરોગ્ય, નાગરિક સંરક્ષણ, પોલીસ અને શિક્ષણ સહિતના વિવિધ વિભાગોની કુલ ૮૩ જેટલી ટીમ બનાવવામાં આવી હતી. વિવિધ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ સહિત સામાન્ય નાગરિકો અને સ્વયંસેવકોએ આ તાલીમનો લાભ લીધો હતો. આ તાલીમમાં બ્લેક આઉટ વિશે લોકોને માહિતગાર કરાયા હતા. સાથે જ મોકડ્રિલનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન કરાવ્યું હતું.

ત્યાર બાદ સાઈબર સિક્યુરિટીની માહિતી આપી હતી અને સાયરન વગાડીને સાયરનના વિવિધ પ્રકારોની લોકોને સમજણ પણ આપવામાં આવી હતી.આકસ્મિક મિસાઈલ હુમલા અથવા હવાઈ હુમલા જેવા સંજોગોમાં નાગરિકોને ક્રાઉલિંગ (સૂઈ જવું), સાંકડી અને ઓછામાં ઓછી જગ્યા હોય તો બચવા માટે કૂકડૂક સ્ટાઈલ, ફાયરમેન લિફ્ટ, વધુ વજન ધરાવનાર વ્યક્તિઓને ઊંચકવા ટૂ-મેન લિફ્ટ, ઈમર્જન્સી કૉલ એક્ટિવ કરવા સહિત તાત્કાલિક સ્થિતિમાં ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપવા માટે શું કરવું અને શું ન કરવું? તેની સમજ આપવામાં આવી હતી. જ્યારે આરોગ્ય વિભાગ દ્વારા સી.પી.આર અંતર્ગત ચેસ્ટ કમ્પ્રેસન, શ્વાસ કેવી રીતે આપવો? જેવી જીવ બચાવનારી પ્રક્રિયાઓ વિશે માહિતગાર કરાયા હતા. ફાયર વિભાગ દ્વારા આગ કેવી રીતે બૂઝાવી શકાય તે અંગે સમજણ અપાઈ હતી.આ તાલીમ માટે દરેક ટીમમાં નાગરિક સંરક્ષણ તજ્જ્ઞો ઉપરાંત જિલ્લા વહીવટી તંત્રના મહેસૂલ, પંચાયત, આરોગ્ય, પોલીસ અને શિક્ષણ સહિતના વિવિધ વિભાગોના અધિકારી-કર્મચારી ઉપરાંત એન.સી.સી. કેડેટ્સ તથા એન.એસ.એસ.ના વોલન્ટિયર્સ ઉપસ્થિત રહ્યા હતા.

# ૩૨ કરોડના ખર્ચે અમદાવાદના ઐતિહાસિક એલિસબ્રિજનું સમારકામ શરૂ, શહેરને નવું નઝરાણું મળશે

અમદાવાદ,

અમદાવાદ શહેરના ઐતિહાસિક એલિસબ્રિજનું સમારકામ શરૂ કરાયુ છે. એક જમાનામાં નદીના એક કાંઠેથી બીજા કાંઠે જવા માટે એકમાત્ર એલિસબ્રિજ હતો. હવે આ હેરિટેજ એલિસબ્રિજના મજબૂતીકરણ અને પુનસ્થાપન માટે સમારકામ શરૂ કરાયુ છે. વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદમાં એલિસબ્રિજને નવો ઓપ આપવામાં માટે રૂા.૩૨ કરોડ ફાળવવામાં આવ્યાં છે. વર્ષ ૧૮૯૨માં એલિસબ્રિજ બનાવવામાં આવ્યો હતોઅંગ્રેજ શાસનકાળ વખતે વર્ષ ૧૮૯૨માં એલિસબ્રિજ બનાવવામાં આવ્યો હતો. ૪૩૩.૪૧ મીટર લંબાઈ, ૬.૨૫ મીટર પહોળાઈ ધરાવતાં હેરિટેજ બ્રિજને ન્યૂ લૂક આપવામાં આવી રહ્યો છે. ૧૪ સ્પાન બો-સ્ટ્રીગ ટાઈપના સ્ટીલ સ્ટ્રકચર



આધારે બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યુ હતું. હિંમતલાલ ધીરજલાલ ભચેચ નામના એન્જિનિયરે આ હેરિટેજ બ્રિજ બાંધ્યો હતો. ઉત્તર ઝોનના કમિશનર બેરો હેલબર્ટ એલિસ હતાં. તેમના નામ આધારે એલિસબ્રિજ નામ રાખવામાં આવ્યુ હતું. પુલ બનાવવા માટે બર્મિંગહામથી ખાસ સ્ટીલ મંગાવવામાં આવ્યુ હતું. એ સમયે રૂ. ૪ લાખની કિંમતમાં એલિસબ્રિજ તૈયાર કરવામાં આવ્યો હતો. જોકે, પાંચ લાખથી ઓછા બજેટમાં એલિસબ્રિજ તૈયાર થતાં હલકી સામગ્રી વપરાઈ હોવાની શંકા ગઈ હતી જેના પગલે સરકારે તપાસ કમીટી પણ નીમી હતી. તપાસમાં એવા તારણો નીકળ્યાં કે પુલ બનાવવા માટે શ્રેષ્ઠ ગુણવત્તા ધરાવતી સામગ્રીનો ઉપયોગ થયો છે. સરકારી નાણાંની બચત કરવા બદલ એન્જિનિયર હિંમતલાલને રાવ સાહેબ બિરુદ આપીને સન્માનિત કરાયા હતાં. સમય જતાં આ ઐતિહાસિક બ્રિજ જર્જરીત અને ભયજનક હોવાથી તેના પર થતી વાહનોની અવરજવર પર રોક લગાવી દેવામાં આવી હતી. છેલ્લાં દસેક વર્ષથી એલિસબ્રિજ બંધ કરી દેવાયો છે. અમદાવાદ પૂર્વ અને પશ્ચિમને જોડવા વર્ષ ૧૯૯૭માં એલિસબ્રિજની આજુબાજુ બે નવા પુલ બાંધવામાં આવ્યા હતાં. પરંતુ હવે હેરિટેજ બ્રિજની વિરાસત જળવાઈ રહે તે હેતુસર અદ્યતન ટેકનોલોજીથી એલિસબ્રિજની મરામત કરવાનું શરૂ કરાયુ છે.

Volume : 11 Issue : 29 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002